International Journal of Advance and Applied Research (IJAAR)
Peer Reviewed Bi-Monthly

ISSN – 2347-7075
Impact Factor – 7.328
Vol.9 No.2 Nov – Dec 2021

# એકાકી સ્ત્રી જીવનને દર્શાવતી વાર્તા 'બળતરાના બીજ'

ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા
એસોસિયેટ પ્રોફેસર
એસ. આર. ભાભોર આટર્સ કોલેજ, સીંગવડ

બા-બાપુજી અને બબ્બે ભાઈઓ છતાં અલગ ફ્લેટમાં નોકરી કરી પોતાનું જીવન ચલાવતી એકાકી સ્ત્રીની જિંદગીની બળતરા આ વાર્તાના કેન્દ્રમાં છે. વાર્તાનાયિકા વૃંદા ભણેલી-ગણેલી પોતાના પગ પર ઊભેલી આધુનિક સ્ત્રી છે. વરસાદી દિવસોમાં મૃત્યુ પામેલી બાની યાદ બાના અને તેના જીવનના એક અંધારિયા-દુ:ખભર્યા ખૂણાનું દર્શન કરાવે છે. બાના જીવનની વેદના- બાપુજી દ્વારા બાને થયેલો હળહળતો અન્યાય જોઈ વૃંદા પોતે કોઈ પુરુષ જોડે જોડાવાનું એટલે કે લગ્ન કરવાનું ટાળે છે. એમાં તેની હિંમત જોઈ શકાય છે. પરંપરાગત સ્ત્રી જેવી રૂઢિજડ જીવન જીવવામાં ન માનતી નાયિકા તેની ભીતરી ચેતનાનો સહજ સ્પર્શ કરાવી જાય છે.

ભૂતકાળ અને વર્તમાન આ બંનેના અંકોડા મેળવીને ઘટનાઓના આકર્ષક સંન્નિધિકરણ દ્વારા વાર્તા સુંદર અભિવ્યક્તિ પામી છે. વાર્તાની શરૂઆત વરસી રહેલા વરસાદના અનુસંધાને બા સાથે બાળપણના માણેલા હૂંફાળા તથા ઉષ્માભર્યા વરસાદને યાદ કરતી વૃંદાના જીવનની ઘટનાઓ એક પછી એક કલાત્મક ગૂંથણી પામી છે. પોતાના બે ભાઈ ભરત અને નયન જોડે શાળાએ ગયેલી વૃંદા વરસાદમાં પલળીને પાછી આવી ત્યારે બાએ ખૂબ જ લાગણીથી તેમના માટે તુલસી-ફુદીનાવાળી ચા બનાવેલી. 'પાણી પચી જાય તો શરદી લાગી જાય' એવું બોલતાં કોરા ટુવાલે બાએ માથું ઘસી આપેલું. વરસાદી દિવસની બાળપણની એ મધુર સ્મૃતિ તેના ચિત્તમાં કાયમ માટે અંકાઈ ગઈ છે. આજે પણ તે દિવસ જેવો જ વરસાદ છે ને સામે બા છે પરંતુ મૃત્યુ પામેલી બાનો દેહ. તેના મનમાં સ્મૃતિઓના પડળ ઉઘડે છે અને બાના દુ:ખી જીવનની કરુણતા આંખ સામે પ્રત્યક્ષ થાય છે.

વરસાદી દિવસમાં એક વખત બા સાથે કપડાંની થપ્પીઓ વાળતાં, જૂના કબાટમાંથી બાપુજીની ડાયરીમાંથી એક સુંદર યુવતીનો ફોટો હાથ લાગી જાય છે. બા સ્પષ્ટતા કરે છે એ સુંદર યુવતી પુષ્પા છે જેને તેના બાપુજી પરણી શક્યા નહોતા. પુષ્પાને ચાહતા તેઓની વગર મરજીએ બાને જીવન વીતાવવાનું આવે છે. કેવી કરુણતા. જે પુરુષ બીજી સ્ત્રીને ચાહતો હોય તેની સાથે લગ્ન કરી તેનાં બાળકોની માતા બનવાનું. ભરત અને નયન બાની નામરજી છતાં આવી ચડેલા અને વૃંદાને બાએ જણાવ્યું તેમ તેના આગમન સમયે તો તેને ખૂબ જ બળતરા થયેલી. જે પુરુષને પોતાના તરફ લગાવ કે સ્નેહ નથી છતાં તેના બાળકોની મા બની જીવન વેંઢારતી બાની તીવ્ર બળતરા નાયિકા વૃંદાને સ્પર્શી જાય છે. વૃંદા સામે પોતાની વેદનાની વ્યથા ઠાલવતી બા-તેમાં લેખિકાના ગદ્યની સબળ અભિવ્યક્તિ છે, જેમકે; "મને ખબર હતી મેં તો ચોખ્ખું કહેલું કે જે માણસને મારામાં રસ નથી એનાં છોકરાં મારે ન જોઈએ, એ ભાર વેંઢારવો નથી મારે... બહુ ઝઘડા ચાલ્યા એ બાબત, બાવી બની

જાઉં એવું થતું એ દિવસોમાં; પણ પછી તો ભરતનો જન્મ ને પછી...તેમાં યે તારા જન્મ વખતે તો એટલો કલેશ હતો જીવને કે...'' (પૃ.૧૧૬, અંધારી ગલીમાં સફેદ ટપકાં)

આપણી સામાજિક પરંપરામાં સ્ત્રીને તેની મરજી મુજબનું જીવન જ ક્યાં છે ? જેને ગમતી નથી એવા પુરુષની માતા બની સંસાર વેંઢારતી બાની વેદનાને કારણે જ વૃંદા લગ્ન કરવાનું ટાળી એકલી રહેવાની હિંમત કરે છે. બાની ઉપરોક્ત સ્પષ્ટતા પછી બા-વૃંદાની સામે આંખમાં આંખ મિલાવી શકતી નથી. વૃંદાને પણ પોતાના જીવન પર અફસોસ થાય છે. બા વૃંદાને કરેલા આ અન્યાયને કારણે વૃંદાના ઘણા આગ્રહ છતાં તેની સાથે રહેવા જતી નથી. ભરત અને નયનનાં બાળકોને સાચવવાની જવાબદારીના ઓઠા નીચે તે વૃંદા સાથે જવાનું ટાળે છે. જોકે વૃંદા ઘણી સમજદાર છે એટલે બાની વેદનાને સમભાવથી અનુભવે છે, છતાં પણ પોતાના જન્મ વિશેની આખી હકીકત તેને વેદના પહોંચાડે છે જેમ કે; તે વિચારે છે, ''પુષ્પાને બાપુજી ન પરણી શક્યા તે તો ઠીક, એવું તો બન્યા કરે, પણ ભરત-નયન અને એ પોતે, બધાં આમ જ આવી ચડ્યાં આ પૃથ્વી પર. સાવ વણમાગ્યાં, વણજોઈતાં. દેવના દીધેલ અને માગી ભીખેલ એવું તેવું કશું જ નહિ. કાળી બળતરામાં અને ભયંકર અણગમામાં આ બીજ રોપાયેલાં. કદાચ બાનું ચાલ્યું હોત તો એણે ફૂટેલા અંકુર સુધ્ધાં ખેંચી કાઢી બહાર ફેંકી દીધા હોત. નરી લાચારીએ એને રોકી રાખી હશે ને એટલે જ ભરત-નયન અને વિષવેલ જેવી એ પોતે અહીં ઉછરી શક્યાં.'' (પૃ.૧૧૬)

જીવનમાં આવી વેદનાને અનુભવતી વૃંદા બા સાથેના વરસાદી દિવસોની હૂંફાળી સ્મૃતિને કાયમ યાદ કરે છે. સાચા સુખથી ભરેલી એ ક્ષણો જ તેના જીવનની સાચી મૂડી છે. બા સાવ નિખાલસ અને સાચી હતી તેથી જ તે નિર્દંભ તેની સામે પ્રગટી હતી. અત્યાર સુધી ભલે તે તેનાથી દૂર હતી પણ લાગણીથી સાવ નજીક હતી. અત્યારે બાને ગુમાવીને વાર્તાનાયિકા વૃંદા જીવનમાં સાવ એકાકી થઈ ગઈ છે. એટલે જ વાર્તાંતે નાના બાળકની જેમ બાના મૃતદેહને વળગીને રડી પડે છે. વૃંદાના અને બાનાં પાત્રો સ્ત્રીજીવનની ચેતનાનો પરિચય કરાવી જાય છે.

સંદર્ભ

૧. ટૂંકીવાર્તા અને બીજાલેખો, સં. જયંત પાઠક, આવૃત્તિ વર્ષ : ૨૦૦૦
૨. નવી વાર્તાસૃષ્ટિ, સં. મણિલાલ હ.પટેલ, આવૃત્તિ વર્ષ : ૨૦૦૪
૩. વાર્તાગોષ્ઠિ, લે. બાબુ દાવલપુરા, આવૃત્તિ વર્ષ : ૨૦૦૭

**ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા**